RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

Editor : Pradip A. Raval (Mo) 98246 53073 Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

Volume : 10 Issue No. 206 Date: 17.05.2024 Friday Page :04 Rs. 1.00/- Annual Rs. 351/-

# મહિનાની છેલ્લી તારીખ એટલે કે ૩૧ મેના રોજ કેરળમાં ચોમાસું બેસી જશે. જ્યારે ૧૯થી ૩૦ જૂન સુધીમાં તે ગુજરાતમાં પહોંચશે



નવીદિલ્હી,તા.૧૬

આ વર્ષે ચોમાસુ સામાન્ય તારીખના ૧ દિવસ પહેલાં કેરળમાં પહોંચી શકે છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આ મહિનાની છેલ્લી તારીખ એટલે કે ૩૧ મેના રોજ કેરળમાં ચોમાસું બેસી જશે. જ્યારે ૧૯થી ૩૦ જૂન સુધીમાં તે ગુજરાતમાં પહોંચશે. ચોમાસામાં આ વર્ષે સારો વરસાદ રહેવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે ત્યારે દેશમાં આ વર્ષે કેટલા ટકા વરસાદ થશે?. કયા રાજ્યમાં ક્યારે ચોમાસું શરૂ થશે? જોઈશું આ અહેવાલમાંઆ આગાહી કરી છે ભારતીય હવામાન વિભાગે બુધવારે મોડી રાત્રે હવામાન વિભાગે આગાહી કરી કે આ વર્ષે ચોમાસું સામાન્ય તારીખના ૧ દિવસ પહેલાં કેરળ પહોંચશે. કેરળમાં સામાન્ય રીતે ૧ જૂને ચોમાસું શરૂ થતું હોય છે પરંતુ આ વર્ષે લા નીના અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ૩૧ મેના રોજ ચોમાસું શરૂ થઈ જશે.

દેશમાં તમિલનાડુમાં ૧થી ૫ જૂન વચ્ચે ચોમાસુ પહોંચી શકે છે જ્યારે આંધ્ર પ્રદેશમાં ૪થી ૧૧ જૂન વચ્ચે,,કર્ણાટકમાં ૩થી ૮ જૂન વચ્ચે,બિહારમાં ૧૩થી ૧૮ જૂન વચ્ચે,ઝારખંડમાં ૧૩થી ૧૭ જૂન વચ્ચે,પશ્ચિમ બંગાળમાં ૭થી ૧૩ જૂન વચ્ચે,છત્તીસગઢમાં ૧૩થી ૧૭ જૂન વચ્ચે,ગુજરાતમાં ૧૯થી ૩૦ જૂન વચ્ચે,મધ્ય પ્રદેશમાં ૧૬થી ૨૧ જૂન વચ્ચે,મહારાષ્ટ્રમાં ૯થી ૧૬ જૂન વચ્ચે,ગોવામાં ૪થી ૫ જૂન વચ્ચે,ઓડિશામાં ૧૧થી ૧૬ જૂન વચ્ચે,ઉત્તર પ્રદેશમાં ૧૮થી ૨૫ જૂન વચ્ચે,ઉત્તરાખંડમાં ૨૦થી ૨૮ જૂન વચ્ચે,,હિમાચલ પ્રદેશમાં ૨૧થી ૨૨ જૂન વચ્ચે,લદાખ-જમ્મુમાં ૨૨થી ૨૯ જૂન વચ્ચે,દિલ્લીમાં ૨૬થી ૨૭ જૂન વચ્ચે,પંજાબમાં ૨૬ જૂનથી ૧ જુલાઈની વચ્ચે,હરિયાણામાં ૨૭ જૂનથી ૧ જુલાઈની વચ્ચે અને ચંદીગઢમાં ૨૭થી ૨૮ જૂન વચ્ચે ચોમાસુ પહોંચી શકે છે.

હવામાન વિભાગે ડેટાના આધારે ખુલાસો કર્યો કે કેરળમાં ચોમાસાની એન્ટ્રીની તારીખ છેલ્લા ૧૫૦ વર્ષમાં તદ્દન અલગ રહી છે. કેમ કે છેલ્લા ૪ વર્ષમાં ચોમાસું કેરળમાં મેના એન્ડ કે જૂન મહિનામાં શરૂ થયું હતું. જ્યારે આ વર્ષે ૩૧ મેના રોજ ચોમાસું કેરળમાં પહોંચશે. જો કે દેશવાસીઓ માટે સારા સમાચાર એ છે કે આ વર્ષે દેશમાં સારો વરસાદ પડશે. કેમ કે આ વખતે દેશ પર લા નીના નામના જળવાયુના પેટર્ન છે. જેના કારણે ૧૦૬ ટકા જેટલો વરસાદ દેશમાં વરસશે. છેલ્લાં ૩ વર્ષમાં એટલે કે ૨૦૨૦થી ૨૦૨૨ દરમિયાન લા નીના કારણે દેશમાં ૧૦૯ ટકા, ૯૯ ટકા અને ૧૦૬ ટકા વરસાદ થયો હતો.હાલમાં દેશના અનેક રાજ્યોમાં ચોમામું શરૂ થયા પહેલાં જ કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ૨૦૨૩માં સારો વરસાદ વરસવા છતાં અનેક રાજ્યોમાં ઉનાળો આવતાં આવતાં જળસંકટની સ્થિતિ સર્જાઈ હતી ત્યારે આશા રાખીએ કે આ વર્ષે મેઘરાજા મન મૂકીને વરસે અને દેશના કોઈપણ ભાગમાં પાણીનું સંકટ ન સર્જાય.દરમિયાન ગુજરાતમાં ગરમી સાથે વરસાદની આગાહી આવી છે. આગામી ૨૪ કલાક રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની આગાહી છે. જેમાં ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં વરસાદની આગાહી છે. બસ, આજે વરસાદ બાદ આવતીકાલથી રાજ્યમાં હીટવેવ આવી જશે. જ્યારે ૧૯થી ૩૦ જૂન સુધીમાં તે ગુજરાતમાં પહોંચશે. ચોમાસામાં આ વર્ષે સારો વરસાદ રહેવાની પણ શક્યતા વ્યક્ત કરવામાં આવી છે

ગુજરાતમાં છુટાછવાયા વરસાદની આગાહીકાર અંબાલાલ પટેલે આગાહી કરી છે. અંબાલાલ પટેલે ૨૦થી ૨૨ મેએ વાદળછાયું વાતાવરણ રહેવાની આગાહી કરી છે. સાથે ૨૬ મેથી ૪ જૂન વચ્ચે રોહિણી નક્ષત્રનો વરસાદ રહેવાની શક્યતા દર્શાવી છે. અંબાલાલ પટેલે ફરી ગુજરાતમાં ગાજવીજ સાથે વરસાદ રહેવાની આગાહી કરી છે. ૭ જૂનથી ૧૦ જૂન સુધી રાજ્યના જુદા જુદા ભાગોમાં ચોમાસું શરૂ થશે. ૧૪થી ૧૮ જૂનમાં ભારે આંધી વંટોળ સાથે વરસાદની શક્યતા છે. જેમાં કાચા મકાનોના છાપરા ઉડી જાય તેવા વરસાદની પણ આગાહી કરી છે. ૨૫ જૂનથી રાજ્યના મોટાભાગમાં ચોમાસું શરૂ થશે.

આગાહીકાર અંબાલાલ પટેલે જણાવ્યું છે કે આજે રાજ્યમાં છૂટો છવાયો વરસાદ પડશે, પરંતુ તારીખ ૧૭ મેથી ગરમીનો પ્રકોપ વધશે. ૨૫ મે સુધીમાં મધ્ય ગુજરાતનાં ભાગોમાં તાપમાન ૪૫ ડિગ્રીથી ઉપર જશે. અમદાવાદમાં ૪૬ ડિગ્રી રહેવાની શક્યતા છે. ઉત્તર ગુજરાતનાં ભાગોમાં ૪૩, ઉત્તર સૌરાષ્ટ્રમાં ૪૨ ડિગ્રી રહેવાની શક્યતા બતાવી છે. ત્યારબાદ ૨૦થી ૨૨ મે સુધીમાં ગુજરાતમાં વાદળવાયુ આવવાની શક્યતા છે. જેના કારણે કેટલાક ભાગોમાં વરસાદી છાંટા પડી શકે છે. ૨૬ મે થી ૪ જૂન વચ્ચે રોહિણી નક્ષત્રનો વરસાદ ઉત્તર ગુજરાત, કચ્છ અને સૌરાષ્ટ્રમાં પડી શકે છે. ગાજવીજ સાથે વરસાદ રહેવાની શક્યતા છે. રાજ્યના કેટલાક ભાગોમાં આવતીકાલથી સીવિયર હીટવેવની આગાહી કરવામાં આવી છે. ૧૭ મે સુરત અને વલસાડમાં હીટવેવની આગાહી છે. તો ૧૮ મે પોરબંદર, ભાવનગર, કચ્છ, સુરતમાં હીટવેવની હવામાન વિભાગની આગાહી છે. વરસાદ છતાં બુધવારે રાજ્યના ૯ શહેરોમા તાપમાન ૪૧ ડિગ્રી પાર નોંધાયું હતું.

## ભાજપના વધુ એક ધારાસભ્યનો લેટરબોમ્બ, 'સરકારી સિસ્ટમ' સામે ધારાસભ્યનો આરોપ

ગાંધીનગર,તા.૧૬

ગુજરાતમાં અત્યારે ચૂંટણી બાદ પણ રાજકીય માહોલ સતત જામેલો છે. કારણ કે, અત્યારે બીજેપીના ધારાસભ્યે એક લેટર જાહેર કરીને ચર્ચાનો માહોલ જમાવ્યો છે. તમને જણાવી દઈએ કે, આ પહેલા કાનાણીએ વાયરલ કર્યો હતો જ્યારે અત્યારે ભાજપના ધારાસભ્ય સંજયસિંહ મહીડાનો લેટર વાયરલ થયો છે. આ લેટર વાયરલ થતાની સાથે ચર્ચાનું કેન્દ્ર બન્યો છે. કારણ કે, આ લેટરમાં ભાજપના જ ધારસભ્યએ 'સરકારી સિસ્ટમ' સામે કામગીરીનો આરોપ લગાવ્યો છે. નોંધનીય છે કે, આ લેટરમાં મહુધાન ટીડીઓ સામે તપાસ માટે ડીડીઓને રજૂઆતને રજુઆત કરવામાં આવી છે.

સંજયસિંહ મહિડાએ લેટરમાં લખ્યું છે કે, 'મારા મહુધા વિધાનસભા મત-વિસ્તારના મહુધા તાલુકાના પ્રવાસ દરમિયાન લોકોની રજૂઆત મળેલ છે કે, તાલુકા વિકાસ અધિકારી દ્વારા પ્રાથમિક શાળાઓમાં આરઓ પ્લાન્ટ, વોટર કુલર ફાળવવામાં આવેલ છે, તે ઘણી નીચી ગુણવતાના અને ઉપયોગ પાત્ર નહીં હોવાનું જાણવા મળેલ છે' આવી અનેક વિગતો સાથે સંજયસિંહ મહિડાએ લેટર ડીડીઓને રજૂઆત કરતો લેટર કર્યો છે.તમને જણાવી દઈએ કે, કાનાણી બાદ હવે સંજયસિંહ મહીડાનો લેટર વાયરલ થયો છે. નોંધનીય છે કે,ધારાસભ્ય સંજયસિંહ મહીડાએ આ લેટરમાં ટીડીઓએ ગેરરીતિ કર્યાનો આરોપ લગાવ્યો છે. આ સાથે ટીડીઓ સામે તપાસ કરવા માટે ડીડીઓને પણ રજુઆત કરવામાં આવી છે. લેટરમાં 'શાળામાં આરઓ પ્લાન્ટ, વોટર કુલર બિનઉપયોગી' અંગે વાત કરવામાં આવી છે. મળતી વિગતો પ્રમાણે જીઈએમ પોર્ટલ પરથી ટીડીઓએ ખરીદી કરી હતી. આ સાથે સાથે અન્ય ચીજવસ્તુઓની ખરીદી અંગે પણ તપાસની માંગ કરવામાં આવી છે.

## તેઓ ગમે તેટલી શક્તિ એકઠી કરે, તેઓ સીએએ હટાવી શકશે નહીં : વડાપ્રધાન



લખનૌ,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર પ્રદેશના આઝમગઢ જિલ્લામાં સ્થિત લાલગંજમાં ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે સીએએ પર મોટું નિવેદન આપ્યું છે. સીએએ પર વિપક્ષી દળોની ટિપ્પણીઓ પર નિશાન સાધતા મોદીએ કહ્યું કે ગમે તેટલી શક્તિ ભેગી કરે, સીએએ હટાવી શકશે નહીં. તેમણે કહ્યું કે આવનારા દિવસોમાં બંગાળથી પંજાબમાં વસતા શરણાર્થીઓ ભારત માતાના સપૂત બનશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સમાજવાદી પાર્ટીના સુપ્રિમો અખિલેશ યાદવ પર નિશાન સાધતા કહ્યું કે, 'ભાજપના શાસનમાં યુપી ઝડપથી વિકાસ કરી રહ્યું છે, પરંતુ યુપીના રાજકુમારની આ હરકતોને કારણે પેટમાં દુખાવો થઈ રહ્યો છે. લોકોએ સપાનું ગુંડા શાસન જોયું છે. સાંજ પડતાં જ લોકો પોતપોતાના ઘરે જતા હતા. માતા અને બહેનો માટે બહાર જવું મુશ્કેલ હતું. મારી પુત્રી માટે અભ્યાસ માટે બહાર જવું મુશ્કેલ હતું. આજે ભાજપ સરકારમાં યુપી આ બધી બાબતોમાંથી બહાર આવ્યું છે. આજે યોગીજીએ તોફાનીઓ, માફિયાઓ અને અપહરણકારોની કમર તોડી નાખી છે. યુપીમાં પણ સ્વચ્છતા અભિયાન તેજ ગતિએ ચાલી રહ્યું છે.

જનસભાને સંબોધતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું, 'મોદીની ગેરંટીનો અર્થ શું છે તેનું નવીનતમ ઉદાહરણ ઝછછ કાયદો છે. ગઈકાલે જ, ઝછછ કાયદા હેઠળ ભારતમાં શરણાર્થીઓને નાગરિકતા આપવાનું કામ શરૂ થયું. આ એ લોકો છે જે લાંબા સમયથી આપણા દેશમાં શરણાર્થીઓ તરીકે રહે છે, આ તે લોકો છે જેઓ ધર્મના આધારે ભારતના ભાગલાનો ભોગ બન્યા હતા. તેઓ (કોંગ્રેસ) મહાત્મા ગાંધીનું નામ લઈને સત્તાની સીડીઓ ચઢે છે પરંતુ મહાત્મા ગાંધીના શબ્દો યાદ નથી રાખતા, મહાત્મા ગાંધીએ તેમને ખાતરી આપી હતી કે તેઓ ગમે ત્યારે ભારત આવી શકે છે. ૭૦ વર્ષમાં હજારો પરિવારોને તકલીફમાં ભારત આવવાની ફરજ પડી હતી પરંતુ કોંગ્રેસે ક્યારેય તેમની કાળજી લીધી નથી કારણ કે આ કોંગ્રેસની વોટબેંક નથી.

ભારત ગઠબંધન પર નિશાન સાધતા પીએમ મોદીએ કહ્યું, 'આજ સુધી આ ભારત ગઠબંધન લોકો કહે છે કે મોદી જે ઝછછ લાવ્યા છે, જ્યારે મોદી જશે ત્યારે ઝછછ પણ જશે. શું આ દેશમાં એવો કોઈ પુત્ર જન્મ્યો છે જે ઝછછ નાબૂદ કરી શકે? આ દેશને ખબર પડી ગઈ છે કે વોટબેંકની રાજનીતિ કરીને, હિંદુ-મુસ્લિમ વચ્ચે લડાઈ કરીને, આ લોકોએ બિનસાંપ્રદાયિકતાનો એવો પોશાક પહેર્યો હતો કે તેમનું સત્ય દેખાતું નહોતું, તમારો આ મુખવટો મોદીજીએ જ હટાવ્યો છે. હું સ્પષ્ટપણે કહું છું કે આ મોદીની ગેરંટી છે કે 'તમે દેશ કે વિદેશમાં ગમે તેટલી તાકાત એકત્રિત કરી શકો છો, હું પણ મેદાનમાં છું, તમે પણ મેદાનમાં છો, તમે ઝછછ હટાવી શકશો નહીં.

## શેરબજારમાં જોરદાર તેજી ફરી, સેન્સેક્સ ૬૭૬ પોઈન્ટ ઉછળીને ૭૩,૬૬૩ને પાર કરી ગયો

મુંબઈ,તા.૧૬

બીએસઈ સેન્સેક્સ ૬૭૬.૬૯ પોઈન્ટના ઉછાળા સાથે ૭૩,૬૬૩.૭૨ પર પહોંચ્યો હતો. નિફ્ટીમાં પણ જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી ૧૯૪.૧૦ પોઈન્ટ વધીને ૨૨,૩૯૪.૬૫ પોઈન્ટ પર પહોંચ્યો હતો. ગુરુવારે ભારે વધઘટ બાદ ભારતીય શેરબજાર જોરદાર ઉછાળા સાથે બંધ થયું હતું.બીએસઈ સેન્સેક્સ ૬૭૬.૬૯ પોઈન્ટના ઉછાળા સાથે ૭૩,૬૬૩.૭૨ પર પહોંચ્યો હતો. નિફ્ટીમાં પણ જોરદાર ઉછાળો જોવા મળ્યો હતો. નિફ્ટી ૧૯૪.૧૦ પોઈન્ટ વધીને ૨૨,૩૯૪.૬૫ પોઈન્ટ પર પહોંચ્યો હતો. તમને જણાવી દઈએ કે લીલા રંગમાં ખુલ્યા બાદ બજારમાં વેચાણનો દબદબો રહ્યો અને તે લાલ નિશાન પર પહોંચી ગયો. જો કે છેલ્લા એક કલાકમાં ખરીદી પરત ફરવાના કારણે બજારમાં એકાએક ઉછાળો આવ્યો હતો. મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એરટેલ, ઈન્ફોસિસ, વિપ્રો, ટેક મહિન્દ્રા જેવા શેરોએ સારો ફાયદો નોંધાવ્યો હતો.

## આરએસએસનો ત્રીજો શિક્ષણ વર્ગ નાગપુરમાં શરૂ થવા જઈ રહ્યો છે, સ્વયંસેવકોને ક્ષેત્રીય તાલીમ પણ આપશે

નાગપુર,તા.૧૬

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો ત્રીજો શિક્ષણ વર્ગ શુક્રવારથી નાગપુરમાં શરૂ થઈ રહ્યો છે, જે ૧૦ જૂને સમાપ્ત થશે. નાગપુરના રેશમ બાગ સ્થિત ડો. હેડગેવાર સ્મૃતિ મંદિર ખાતે સવારે ૯ વાગ્યાથી શિક્ષણ વર્ગ શરૂ થશે, તેના શિક્ષણ વર્ગનું નામ બદલીને કાર્યકર્તા વિકાસ વર્ગ રાખવામાં આવ્યોં છે. દર વર્ષે આયોજિત આ અખિલ ભારતીય સ્તરના વર્ગમાં, દેશભરમાંથી સ્વયંસેવકો તાલીમ મેળવે છે અને અંતિમ તાલીમ વર્ગ માટે નાગપુર આવે છે.

વર્ગમાં સંઘના વરિષ્ઠ અધિકારીઓ ઉપરાંત વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોના માર્ગદર્શન પ્રવચનો આપવામાં આવે છે.આરએસએસએ આ વર્ષથી તેની આંતરિક તાલીમ પ્રણાલીમાં ફેરફાર કર્યા છે. પ્રાયોગિક તાલીમની સાથે આરએસએસ તેના સ્વયંસેવકોને ક્ષેત્રીય તાલીમ પણ આપશે. તાલીમમાં બૌદ્ધિક, યોગ પર વધુ ભાર આપવામાં આવે છે. સ્વયંસેવકોને સક્ષમ સમાજ બનાવવાના પાઠ ભણાવવામાં આવે છે. આરએસએસ ત્રણ મુખ્ય મંત્રો પર કામ કરે છે - દેશભક્તિ, સામાજિક સંગઠન, સમર્પણ, આ સંઘના મૂળ મંત્રો છે. પ્રાથમિક શિક્ષણ વર્ગ વિવિધ પ્રાંતોમાં યોજાય છે, પરંતુ તૃતીય શિક્ષણ વર્ગ માત્ર નાગપુરમાં જ યોજાય છે. દેશભરમાંથી જિલ્લા કક્ષાએ પસંદ કરાયેલા કાર્યકરો તાલીમ માટે આવે છે. તાલીમ પછી, સ્વયંસેવકો સંઘના કાર્યકરો તરીકે તૈયાર થાય છે. બાદમાં તેને વિવિધ ક્ષેત્રોમાં કામ કરવાની જવાબદારી સોંપવામાં આવે છે. તાલીમ વર્ગમાં સ્વયંસેવકોને તમામ પ્રકારની માનસિક અને બૌદ્ધિક તાલીમ આપવામાં આવે છે.સંઘ તેના સંગઠન અને કાર્યોમાં વિવિધ ફેરફારો કરી રહ્યું છે. સંઘે શિક્ષણ કાર્યમાં ઘણા ફેરફારો કર્યા છે. નવા અભ્યાસક્રમો તૈયાર કરવામાં આવ્યા છે. સામાન્ય શિક્ષણની સાથે સાથે સ્વયંસેવકોને જે ક્ષેત્રમાં કામ કરવામાં રસ હોય તેની વિશેષ તાલીમ આપવામાં આવશે. સંઘ શિક્ષણ વર્ગનો સમયગાળો પણ ઘટાડવામાં આવ્યો છે. પહેલા સંઘનો પ્રથમ વર્ગ ૨૦ દિવસનો હતો, હવે તે ૧૫ દિવસનો છે. ત્રીજું વર્ષ ૨૫ દિવસનું હશે. પ્રથમ, દ્વિતીય અને તૃતીય વર્ગો ત્રીજા વર્ષના તાલીમ વર્ગ પહેલા ચાલે છે. પ્રથમ શ્રેણી પ્રાંતીય સ્તરની છે, બીજી પ્રાદેશિક સ્તરની છે અને ત્રીજી શ્રેણી રાષ્ટ્રીય સ્તરની છે.

## મોદીએ સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકો પર હુમલાની આકરી નિંદા કરી

નવીદિલ્હી,તા.૧૬

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે તેમના સ્લોવેકિયન સમકક્ષ રોબર્ટ ફિકોની ગોળીબારની આકરી નિંદા કરી હતી. આ દરમિયાન તેમણે તેમના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી હતી. મોદીએ કહ્યું કે ભારત આ ઘડીમાં સ્લોવાકિયાના લોકો સાથે એકતામાં ઊભું છે. સ્લોવેકિયાના અધિકારીઓએ જણાવ્યું હતું કે વડા પ્રધાન ફિકો પર ઘણી ગોળીઓ ચલાવવામાં આવી હતી જ્યારે તેમણે બુધવારે હેન્ડલોવા શહેરમાં એક સાંસ્કૃતિક કેન્દ્રની બહાર લોકોનું સ્વાગત કર્યું હતું. ફિકો (૫૯) હાલમાં હોસ્પિટલમાં જીવનની લડાઈ લડી રહ્યો છે.

પીએમ મોદીએ 'એકસ' પર એક પોસ્ટમાં કહ્યું, ×સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકો પર ફાયરિંગના સમાચારથી ઊંડો આઘાત લાગ્યો. હું આ કાયરતાપૂર્ણ અને ઘાતકી કૃત્યની સખત નિંદા કરું છું અને વડા પ્રધાન ફિકોને ઝડપથી સ્વસ્થ થવાની કામના કરું છું. ભારત સ્લોવાકિયાના લોકો સાથે એકતામાં ઊભું છે.

સ્લોવાકિયાના વડાપ્રધાન રોબર્ટ ફિકો હવે જોખમમાં નથી. ફિકોની કેબિનેટના એક મંત્રીએ દાવો કર્યો હતો કે તેમનું જીવન હવે જોખમમાંથી બહાર છે. બુધવારે ૧૫ મેના રોજ, સરકારી મીટિંગમાંથી બહાર નીકળતી વખતે તેમને હત્યાના પ્રયાસમાં ગોળી વાગી હતી.

## *આજનો વિચાર*

**આ યાદશક્તિ નું પણ ગજબ નું છે વહાલા**
**કોઈ કહે તો યાદ ન રહે, અને કોઈક કંઈક કહી**
**જાય તો એ ક્યારેય ભુલાતું નથી.**

- MANNISH *( MINTOO )*

## તંત્રી લેખ......

# મોટી ઉપલબ્ધિ

ચીન અને ઈરાન વચ્ચે વધતી દોસ્તી વચ્ચે ભારતે ચાબહાર બંદર માટે દસ વર્ષની દીર્ઘ સમજૂતી કરીને મોટી કૂટનીતિક સફળતા મેળવી છે. આ સમજૂતી પાકિસ્તાન માટે મોટો ઝાટકો છે. હવે ભારત પાકિસ્તાનને બાયપાસ કરીને સીધું અફઘાનિસ્તાન, ઈરાન, મધ્ય એશિયા અને યુરોપ સુધી પહોંચી શકશે. ચાલુ ચૂંટણીઓ વચ્ચે થયેલી આ સમજૂતીથી ભારત માટે ઈરાનના ચાબહાર બંદરનું મહત્ત્વ સમજી શકાય છે. મુંબઈ બંદરથી ચાબહાર બંદર સુધી જળમાર્ગ ભારત માટે યુરોપનું દ્વાર ખોલે છે. ભારત અને ઈરાને ચાબહારમાં આવેલ શાહિત બેહશ્તી બંદરના ટર્મિનલના પરિચાલન માટે સોમવારે બંદર, જહાજરાની અને જલમાર્ગ મંત્રી સર્વાનંદ સોનોવાલની હાજરીમાં કરાર પર હસ્તાક્ષર કર્યા. આ પહેલો પ્રસંગ છે કે જ્યારે ભારતે વિદેશમાં સ્થિત કોઈ બંદરનું પ્રબંધન પોતાના હાથમાં લીધું છે. ચાબહાર બંદર ઈરાનના દિક્ષણી તટ પર સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં આવેલું છે. આ બંદરને ભારત અને ઈરાન મળીને વિકસિત કરી રહ્યા છે, લાભ અફઘાનિસ્તાનને પણ થશે.

# ઊધઈ

આપણે સહુ જાણિએ છીએ કે જો ન વપરાય અને સંદૂકમાં કે માળિયા પર પડી રહે તો કોઈની કિતાબને ઊધઈ લાગે, તો કોઈના દિમાગને ઊધઈ' લાગે. જીવનમાં બનતું આવ્યું છે વાપરો નહી તો કટાઈ જશે ! એ પછી દિમાગ હોય, પુસ્તક હોય કે જાત હોય.

જીવનને હંમેશા પ્રવૃત્તિમય ન રાખીએ તો ક્યારે ઊધઈ ખાઈ જશે ખબર પણ નહી પડે. જીવનને સદા જીવંત રાખવું હોય તો શોખ કેળવવા આવશ્યક છે. મુક્તિ હંમેશા 'કિતાબના કીડા' તારિકે પ્રખ્યાત હતી.

માનવને પણ હંમેશા પુસ્તકાલયમાં વાંચવાની આદત હતી. મુક્તિને મગ્ન બની નિહાળતો. આંખમાં વસી ગઈ હતી પણ જુબાન સાથ ન આપતી. એકવાર બંને જણા પુસ્તક લેવા ઊભા હતા. બંનેની મુખમાંથી એક નામ સરી પડ્યું. ખડખડાટ હસી મોકો મળ્યો એટલે નામની અદલ બદલ કરી. બસ ત્યાર પછી વાતાવરણ બદલાઈ ગયું.

મુક્તિને વિચાર આવ્યો દિવાળી આવી રહી છે. ઘરમાં સફાઈતો કરવી પડશે. આજે મારે માળિયું સાફ કર્યા વગર છૂટકો ન હતો ! માળિયા પર મૂકેલી જૂની ચોપડી બધી ઊધઈથી ખવાઈ ગઈ હતી. મુખપૃષ્ઠ અકબંધ હતાં. અંદરના પાનાની હાલત જોઈ આંખમાંથી ટપ ટપ આંસુ સરી પડ્યા. ઘરમાં નવું શો કેસ કર્યું તે પ્રમાણમાં નાનું હતું. મારી બધી ગુજરાતી વાંચવાની ચોપડી માળિયે ચડાવી દીધી. તેમાં વાંદાની ગોળી નાખી હતી. બધા પુસ્તક સરખી રીતે કપડામાં વીંટીને બેગમાં ભર્યા હતા. અંતરમાં ઠંડક હતી કે સચવાશે !

કિંતુ દિવાળી આવી એટલે માળિયું સાફ કરવા સોનુ બધું નીચે ઉતારી રહ્યો હતો. સોનું અમારે ત્યાં છેલ્લા પંદર વર્ષથી કામ કરતો હતો. ચોપડીઓની બેગ ખોલીને જોઈ, તો મારા નામની બૂમ પાડી ઊઠ્યો. તેને ખબર હતી મને પુસ્તકો વહાલા છે.

આરામથી ચાનો કપ લઈ 'ગીતાનો અભ્યાસ કરી રહી હતી. સોનુની બુમ સંભળાઈ જઈને જોયું તો મારી આંખ ખુલ્લી રહી ગઈ ! આખી બેગની અંદર ઊધઈ પ્રસરી ગઈ હતી.

'સોનુ જા, આને એવી જગ્યાએ નાખજે કે કોઈના ઘરમાં ઊધઈ પ્રસરે નહી. સોનુ બેગ લઈને ચોપાટી ગયો. બધો સામાન દરિયામાં પધરાવી આવ્યો. ખાલી બેગ સાફ કરીને કચરા વાળાને લઈ જવા માટે મૂકી દીધી. દિવસ તો કામમાં નીકળી ગયો. રાતના જમીને ખાટલા પર સૂવા પડી કે પેલી બેગ મારી નજર સામે તરી આવી.




જિંદગીના ૬૦ વર્ષ પૂરા થઈ ગયા હતાં. પૌષ્ટિક આહાર અને વ્યાયામ દ્વારા શરીરને જાળવી રહી હતી. અચાનક થયું ,'શું મારી જાતને પણ ઊધઈ ખાઈ રહી છે'? બાળકો તેમની જિંદગીમાં પ્રગતિ કરી રહ્યા છે. પતિદેવ કામકાજ માંથી નિવૃત્તિ લઈ પોતાની મનપસંદ રીતે જીવી રહ્યા છે..

મુક્તિને થયું,' મને મારા રોજિંદા કામમાંથી ક્યારે મુક્તિ મળશે?' .

મુક્તિ પાસે સમય નથી. મનમાં થતું,'જો દરેક પોતાની રીતે જીવે છે તો હું કેમ નહીં' ? હું કાંઇ અમરપટો લઈને નથી આવી. ક્યારે આંખ મીંચાઈ જશે કોને ખબર હતી ?

આખરે મુક્તિને જીવનનું સત્ય સમજાયું. 'ઊધઈ' જોઈને એની આંખ ખુલી ગઈ હતી. જો આમને આમ જીવન જીવશે તો એક દિવસ તેના પર 'ઊધઈ' લાગી જશે. માનવ પુસ્તકાલય દરરોજ જતો. આવે એટલે બંને સાથે જમીને આરામ કરે.

આજે માનવ આવ્યો ત્યારે તેના હાથમાં ગજરો હતો. ગજરો મુક્તિને ખુશ કરવાનું કામ કરતો. ગજરો જોઈ મુક્તિ બોલી, 'આજ ઈરાદા ક્યા હે"?

માનવ બોલ્યો 'તને રિઝવવા માટે. '
'એનો સરળ ઉપાય બતાવું ?'
બંદા હાજર છે'.

'કાલથી હું પણ તમારી સાથે પુસ્તકાલયમાં આવીશ. મને પણ વાંચવાનો શોખ બાળપણથી છે. આજે માળિયા પર રહેલા મારા બધા પુસ્તકો ઊધઈ લાગી ગઈ. સોનુ હમણાં બધાને ચોપાટીના દરિયામાં પધરાવી આવી ગયો છે'.

માનવને દુઃખ થયું. તેને ખબર હતી મુક્તિ પુસ્તક વાંચવાનો શોખ ધરાવે છે. કોલેજકાળ દરમિયાન બંને મોટે ભાગે કોલેજની લાયબ્રેરીમાં મળતા હતાં. તેની નજર સમક્ષ કોલેજના જમાનાની મુક્તિ આવી પહોંચી. બે ચોટલા વાળવા, માથામાં મોગરા નો ગજરો અને પંજાબીની ઓઢણી હવામાં લહેરાતી હોય.

માનવ એકી ટશે મુક્તિને જોઈ રહ્યો. મુક્તિ શરમાઈને બોલી,' તું મને પહેલીવાર જોઈ રહ્યો છે'?

'હા, મારી બદલાયેલી મુક્તિને પહેલીવાર નિહાળી રહ્યો છું'.

તમને મારો વિચાર ગમ્યો ?

'અરે ઘણા વખતથી મારા દિમાગમાં આ વિચાર ચાલી રહ્યો હતો. તને કઈ રીતે સમજાવી પુસ્તકાલયમાં સાથે લઈ જવી તે ખબર પડતી ન હતી'.

મુક્તિ હસીને બોલી,' યાદ છે આપણે પહેલીવાર કોલેજની લાયબ્રેરીમાં મળ્યા હતાં. બંનેની નજર એક સાથે જે પુસ્તક પર પડી હતી તેનું નામ તને યાદ છે. '
'જીગર અને અમી'.
બંનેના હસવાનો અવાજ સાંભળી સોનુ, રસોડામાંથી જમવાની થાળી બે હાથમાં લઈ આવી પહોંચ્યો.

**પ્રવિણા, કડકીયા, અમેરીકા**

## શબાના આઝમી 'ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન' પુરસ્કારથી સન્માનિત

પ્રસિદ્ધ અભિનેત્રી શબાના આઝમીને ભારતીય સિનેમામાં તેમના નોંધપાત્ર યોગદાન અને મહિલાઓના અધિકારોને પ્રોત્સાહન આપવા બદલ 'ફ્રીડમ ઑફ ધ સિટી ઑફ લંડન' પુરસ્કારથી સન્માનિત કરવામાં આવી છે. શ્રેષ્ઠ અભિનેત્રી તરીકે પાંચ રાષ્ટ્રીય પુરસ્કારો અને છ ફિલ્મફેર પુરસ્કારો જીતનાર ૭૩ વર્ષીય અભિનેત્રીને ગયા અઠવાડિયે લંડનમાં આયોજિત યુકે એશિયન ફિલ્મ ફેસ્ટિવલ સમારોહમાં સન્માન મળ્યું હતું. આ એવોર્ડ જાહેર જીવનમાં નોંધપાત્ર યોગદાન માટે આપવામાં આવે છે.

શબાના આઝમીએ કહ્યું કે 'ફ્રીડમ ઓફ ધ સિટી ઓફ લંડન' એવોર્ડ મેળવીને હું ગૌરવ અનુભવું છું. તે સિનેમાની શક્તિ અને સક્રિયતાનો પુરાવો છે કે આપણે સીમાઓ ઓળંગી શકીએ છીએ અને સમાજ પર અર્થપૂર્ણ અસર કરી શકીએ છીએ. હું આ સન્માન માટે આભારી છું અને હકારાત્મક પરિવર્તનની હિમાયત કરવા માટે મારા અવાજ અને પ્લેટફોર્મનો ઉપયોગ કરવા માટે પ્રતિબદ્ધ છું.

શબાના આઝમીએ સત્યજીત રેની ૧૯૭૪માં આવેલી ફિલ્મ 'અંકુર'થી પોતાની સફરની શરૂઆત કરી હતી. આ ફિલ્મ આ વર્ષે યુકેએએફએફ ખાતે ''સેલિબ્રેટિંગ ધ ગોલ્ડન ગર્લ ઓફ ઈન્ડિયન સિનેમા'' સેગમેન્ટના ભાગ રૂપે દર્શાવવામાં આવેલી ફિલ્મોમાંની એક હતી.

# અમેરિકાએ ચીની ઉત્પાદનો પર ટેરિફ લાદતા બંને દેશો વચ્ચે તણાવ

વોશિંગ્ટન,તા.૧૬

વૈશ્વિક વેપારના પરિબળો માટે નોંધપાત્ર અસર સાથેના એક વ્યૂહાત્મક પગલામાં બાઈડેન પ્રશાસને વિવિધ ચીની ઉત્પાદનો પર નવા ટેરિફ લાદવાના તેના ઈરાદાની જાહેરાત કરી હતી. આ ચીની ઉત્પાદનોમાં ઈવી, સોલાર બેટરીઓ, એડવાન્સ્ડ બેટરીઓ, સ્ટીલ, એલ્યુમિનિયમ અને મેડિકલ ઉપકરણો સામેલ છે. પ્રમુખ બાઈડેન અને તેમના પુરોગામી ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે તીવ્ર સ્પર્ધા વચ્ચે કરાયેલી આ જાહેરાત વિશ્વની બે સૌથી મોટી આર્થિક સત્તા વચ્ચે વધી રહેલા સંઘર્ષને ઉજાગર કરે છે.

આગામી ત્રણ વર્ષ દરમ્યાન લાદવામાં આવનાર ટેરિફનો હેતુ અયોગ્ય વેપાર પ્રથા વિશે ચિંતા દૂર કરવાનો અને સ્થાનિક ઉદ્યોગોનું રક્ષણ કરવાનો છે. પ્રશાસકીય અધિકારીઓ દ્વારા આ ટેરિફથી મોંઘવારી નહિ વધે તેવી ખાતરી છતાં બેઈજિંગ દ્વારા સંભવિતપણે લેવામાં આવનાર બદલાના પગલાને કારણે ચીન સાથે તણાવ વધવાની શક્યતા જોવાઈ રહી છે.

અમેરિકાને સૌથી વધુ ચિંતા ઓછી કિંમતના ચીની ઈવી વિશે છે જે સરકારી સબ્સિડીને કારણે અમેરિકાના મારકેટ પર કબજો જમાવી રહ્યા છે. ટેરિફને કારણે આવી આયાતમાં ઘટાડો થશે અને અમેરિકી કામદારો તેમજ ઉદ્યોગોને રક્ષણ મળશે. અમેરિકી પ્રશાસને ઊભરતા ટેકનોલોજી બજારો પર પ્રભુત્વ જમાવવાના બેઈજિંગના પ્રયાસોનો સામનો કરવા આવા ટેરિફને મહત્વના ગણાવ્યા હતા. તેમણે આ પગલાને રાષ્ટ્રીય સુરક્ષા અને આર્થિક સ્થિરતા માટે મહત્વનું ગણાવ્યું હતું.

ટેરિફનો અમલ કરવાનો નિર્ણય ચીન સાથે વેપાર સંબંધોની વ્યાપક સમીક્ષામાંથી ઉદ્ભવ્યો હોવાનું માનવામાં આવે છે. આ પગલું સરકારને અયોગ્ય વેપાર પ્રથાનો અસરકારક સામનો કરવાની સત્તા આપે છે. જો કે વિવેચકોના મતે ટેરિફ મહત્વના હોવા છતાં તેની અસર મર્યાદિત જ રહેવાની અને અમુક જ ચીની ઉત્પાદનો પર અસર કરશે.

બીજી તરફ ચીની સરકારે તાત્કાલિક અમેરિકી પગલાની ટીકા કરતા તેને આંતરરાષ્ટ્રીય વેપાર ધોરણોથી વિરુદ્ધ હોવાનું ગણાવ્યું હતું. ચીને સ્પષ્ટતા કરી હતી કે ઈવી અને સોલાર સેલમાં તેમના વેપારની વૃદ્ધિ સબ્સિડીને કારણે નહિ પણ નવા સંશોધનોને કારણે થઈ હતી.

ચીનનું અર્થતંત્ર રિયલ એસ્ટેટ મારકેટના ધબડકા અને અગાઉ કોવિડને કારણે મંદ પડયું છે ત્યારે ચીની પ્રમુખે નિકાસ વધારવા ઈવી અને અન્ય વસ્તુઓનું ઉત્પાદન વધારવાનો નિર્ણય લીધો હતો.

## સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં રાત્રીએ આકાશમાં અદ્ભુત નજારો જોવા મળ્યો

હિંમતનગર,તા.૧૬

આપણે સૌ જાણીએ છીએ કે આપણા બ્રહ્માંડમાં અવિચળ સૂર્યની આસપાસ વિવિધ ગ્રહો ફરે છે, આ ગ્રહોને વળી પાછા પોતાના ઉપગ્રહો છે. અવકાશમાં એવી દરરોજ ખગોળીય ઘટના બને છે. આવી ખગોળીય ઘટનાઓ આપણને વિવિધ સવાલો તરફ દોરી જાય છે, જેના તરફ આપણા રોજિંદા જીવનમાં આપણે પૂરતું ધ્યાન આપતા નથી. ત્યારે સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં ગઈકાલે (મંગળવાર) રાત્રે આકાશમાં અદ્ભુત સ્ટાર લાઈનની હારમાળા દેખાઈ છે. જેને નગરવાસીઓએ પોતાના કેમેરામાં કેદ કરી હતી.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મામાં મંગળવાર રાત્રે આકાશમાં અદ્ભુત નજારો જોવા મળ્યો હતો. ગઈ કાલે રાત્રીના સમયે આકાશમાં સ્ટાર લાઈન દોડતી જોવા મળી હતી. ખેડબ્રહ્માના નગરવાસીઓએ નજારો નિહાળી આકાશમાં સ્ટાર લાઈન કેમેરામાં કેદ કરી હતી. થોડા સમય પહેલા હિંમતનગર, તલોદ અને પ્રાંતિજમાં આ પ્રકારનો નજારો જોવા મળ્યો હતો. ખગોળીય ઘટના થોડા મહિના પહેલા જોવા મળી હતી. ગરમી વચ્ચે વાવાઝોડું અને ત્યાર બાદ આકાશમાં મંગળવારે રાત્રિએ થોડોક સમય એક નહીં બે નહિ પરંતુ સ્ટારની લાઈન જોવા મળી હતી. આ અદ્ભુત નજારો નગરવાસીઓ નિહાળ્યો હતો અને પોતાના કેમેરામાં કેદ પણ કર્યો હતો.

# શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દિ મહોત્સવે સુખપરના રાજમાર્ગો પર સ્વામિનારાયણબાપા સ્વામીબાપાની ભવ્યાતિભવ્ય વિશ્વશાંતિ નગરયાત્રા







શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન, શ્રી સ્વામિનારાયણ મંદિર સુખપર શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દિ મહોત્સવ અંતર્ગત આચાર્ય જ્ઞાનમહોદધિ શ્રી જિતેન્દ્રિયપ્રિયદાસજી સ્વામીશ્રી મહારાજની અધ્યક્ષતામાં સુખપર ખાતે વિશ્વશાંતિ નગરયાત્રા યોજાઈ હતી. નગરયાત્રામાં હકડેઠઠ માનવ સમુદાય ઉપસ્થિત રહ્યો હતો. વિશ્વશાંતિ નગરયાત્રામાં કચ્છી સુપ્રસિદ્ધ બેન્ડ, સંતોનો સમૂહ, હરિભક્તોનો સમૂહ, હંસાકૃતિ રથ ઉપર શ્રી ઘનશ્યામ મહારાજના સાનિધ્યમાં પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજ તથા બીજા રથમાં વરિષ્ઠ સદ્ગુરુ સંતો, મહંતો, રથ પાછળ હરિભક્તો અને તેમની પાછળ કળશધારી બહેનોનું મંડળ તથા સાંખ્યયોગી બાઈઓ તથા કર્મયોગી બાઈઓ વિશ્વશાંતિ નગરયાત્રામાં ભક્તિભાવપૂર્વક જોડાયા હતા. વિશ્વશાંતિ નગરયાત્રામાં લંડન, બોલ્ટન, નાઈરોબી, અમેરિકા, આફ્રિકા વિગેરે દેશોમાંથી હરિભક્તોનો સમૂહ પણ ઉપસ્થિત રહ્યો હતો.

શ્રી ઘનશ્યામ મહારાજ દશાબ્દિ મહોત્સવે સુખપરના રાજમાર્ગો પર સ્વામિનારાયણબાપા સ્વામીબાપાની ભવ્યાતિભવ્ય વિશ્વશાંતિ નગરયાત્રામાં શ્રી સ્વામિનારાયણ સિદ્ધાંત સજીવન મંડળ, સુખપરના હરિભક્તોનો સાથ સહકાર રહ્યો હતો.

શ્રી રહસ્યાર્થ પ્રદીપિકા ટીકા સહ વચનામૃત ગ્રંથ, શ્રી સ્વામિનારાયણ ગાદી ગ્રંથ, તેમજ શ્રીજીસ્વયંમૂર્તિ જીવનપ્રાણ શ્રી અબજીબાપાશ્રીની વાતોની સમૂહ પારાયણના યજમાનોને સાલ, પાઘડી અર્પણ કરી પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે સનમાન્યા હતા.

આ પાવનકારી અવસરે પરમ પૂજ્ય જ્ઞાનમહોદધિ આચાર્ય સ્વામીશ્રી મહારાજે આશિર્વાદમાં જણાવ્યું હતું કે, ભગવાનનું ભજન સ્મરણ સાનુકૂળતાથી થઈ શકે તે માટે મંદિરોનાં સર્જન છે. મંદિરોથી સંસ્કાર વધે છે. સંસ્કાર હશે તો જ આપણને શાંતિ મળશે. શાંતિ, એકતા અને ભાઈચારો વધારવા અને તેનો સંદેશો આખા વિશ્વમાં ફેલાવા માટે મંદિરોનાં નિર્માણ કરવામાં આવે છે. મનુષ્ય જન્મ મોક્ષ માર્ગ માટે જ મળ્યો છે. મનુષ્યે પોતાની દિનચર્યા શરુ કરતાં પહેલાં સવાર સાંજ આરતી, કથાવાર્તાના નિયમો, દર્શન કરવા આદેશ કર્યો હતો. મનુષ્યએ ભગવાનનું ભજન, સ્મરણ, સત્સંગ કરી મનુષ્ય જન્મ સાર્થક કરી લેવો તેના માટે હાકલ પણ કરી હતી.

## આંગડિયા પેઢીમાં દરોડા મામલે નાણાંની હેરાફેરીના વધુ શંકાસ્પદ બેંક ખાતા મળ્યા

અમદાવાદ,તા.૧૬

અમદાવાદમાં આંગડિયા પેઢીમાં દરોડા પાડવામાં આવ્યા. આ દરોડામાં કરોડોની હેરાફરીના વધુ શંકાસ્પદ બેંક ખાતા મળ્યા. આંગડિયા પેઢીમાં ક્રિકેટ સટ્ટા રેકેટમાં કરોડો રૂપિયાની હેરાફેરી થઈ હોવાનો ઘટસ્ફોટ થયો. આ મામલે અમિત મજેઠીયાના શંકાસ્પદ બેંક ખાતાની તપાસ કરવામાં આવી. તપાસ દરમ્યાન બેંક ખાતામાં ૧૮ કરોડ જમા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી.પાંચ દિવસ પહેલા શહેરમાં આંગડિયા પેઢી પર સીઆઈડી ક્રાઈમ અને ઈક્રમટેક્સના દરોડો પાડવામાં આવ્યા હતા. આ દરોડમાં ૧૫ કરોડ રોકડા, સોનું અને ૭૫ લાખનું વિદેશી ચલણ ઝડપાયુ. વિભાગ દ્વારા સીજી રોડ પર બાતમીના આધારે પ્રાઈમ આંગડિયા, પીએમ આંગડીયા અને માણેકચોકની એચએમ આંગડિયામાંથી કરોડો રૂપિયાની હેરાફરી મામલે એકસાથી દરોડા પાડવામાં આવ્યા. સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગત મુજબ ક્રિકેટના સટ્ટાનું આ રેકેટ દુબઈના બુકીઓથી ચાલતુ હોવાની શંકા છે.

## અરવલ્લી : મોડાસાના અમલાઈમાં જીવંત વિજતાર પડતાં બળદનું મોત ખેડૂતનો આબાદ બચાવ, વીજતંત્રની બેદરકારી સામે આક્રોશ

અરવલ્લી જીલ્લામાં વીજતંત્રની બેદરકારીના પગલે દરવર્ષે ખેતરમાંથી પસાર થતી વિજલાઇનના ઝોલા ખાતા વીજતારમાં સ્પાર્ક થવાથી તેમજ જીવંત વીજતાર તુટી પડતાં ખેતરમાં ઉભો પાક બળીને ખાખ થઈ જવાની અનેક ઘટનાઓ બનતી રહે છે વીજતાર જીવલેણ સાબિત થઈ રહ્યા છે મોડાસા તાલુકાના અમલાઈ ગામના બળદ સાથે પસાર થતાં ખેડૂતના બળદ પર જીવંત વીજતાર પડતાં વીજકરંટથી બળદ સ્થળ પર મોત નીપજ્યું હતું સદનસીબે ખેડૂત અને અન્ય એક બળદનો આબાદ બચાવ થયો હતો ખેડૂત પરિવારે વીજતંત્ર ને જાણ કર્યાના ચાર કલાક સુધી ઘટના સ્થળ પર ન પહોચતા લોકોમાં ભારે આક્રોશ છવાયો હતો વીજતંત્રની બેદરકારીથી ખેડૂતનો બળદ મોત ભેટતા ખેડૂત પરિવાર શોકમાં ડૂબી ગયો હતો મોડાસા તાલુકાના અમલાઈ ગામના કનકાભાઈ ખાંટ નામના ખેડૂત ખેતીકામ કરી બે બળદ સાથે ઘરે પરત ફરતાં રસ્તાની બાજુમાં આવેલ ખેતરમાંથી પસાર થતી વિજલાઇનનો જીવંત વીજતાર અચાનક વિજપોલ પરથી તૂટીને બળદ પર પડતાં વીજકરંટથી સ્થળ પર બળદ મોતને ભેટ્યો હતો ખેડૂત સદનસિબે મોતને હાથતાળી આપવામાં સફળ રહ્યા હોય તેમ અન્ય બળદ સાથે આબાદ બચાવ થયો હતો ખેડૂતનો આબાદ બચાવ થતા પરિવારજનોએ રાહતનો શ્વાસ લીધો હતો

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG. SS No :194**
વિષય : દિવસ પછી રાત
શીર્ષક : 'સમય ચક્રનું પરિવર્તન'
પ્રકાર : પદ્ય , શબ્દ : ૯૯
નામ : ખ્યાતિ જીગર દેસાઈ. (અમદાવાદ)

" સમયનું ચક્ર કુદરતી ક્રમે , ફરતું રહે છે અવરિત,
દિવસ - રાતના ઘટનાક્રમે ,તમે જીવતા રહો બનીને નિશ્ચિંત,

કાળી રાતની પીડા પછી, ઉગતી ભોર દેતી આનંદ અગણિત ,
શ્યામ વાદળ પાછળનો રેલતો પ્રકાશ, એમા કુદરાતની કરમાત છે નિર્મિત.

સમય કોઈનો સતત સરખો ન હોય ,એ વાત છે ઈશ્વરીય સ્થાપિત,
આસ્થા પ્રભુ પર રાખી, સ્વીકારી ને જીવવું ,એમા રહેલી છે ડાહપણની રીત.

સુખ. દુ:ખના ચક્રને સહજતાથી સ્વીકારવું , એમાં છે સમજણની જીત,
રાત પછી દિવસ છે જ ..એ વિશ્વાસે જીવવું..કેમકે ...આપણે સૌ તો ઈશ્વરને આધારિત."

સારો નરસો સમયજ શીખવતો, જીવનનો બોધપાઠ ક્રમિક,
ધાર્યું થતું હોય છે હજાર હાથવાળાનું, એ વાત છે ચોક્કસપણે નિશ્ચિત."

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SSO No : 229**
વિષય : રાત પછી એક સવાર
શીર્ષક : ઉષા એ જ નવજીવન
પ્રકાર : ગદ્ય શબ્દો : ૩૫૦
લેખક :પરેશ મ.પાઠક "પ્રપાશી"

ઉષા એટલે જ વહેલી સવારનો બ્રાહ્મમૂહુર્તનો કલ્યાણકારી સમય ગણાય છે. ઉષાએ નવજીવન, નવઉર્જા અને નવચેતનનું મંગળમય સ્વરૂપ છે.

વળી તે સમયે માનવમનની સૂક્ષ્મથી અતિસૂક્ષ્મ શક્તિઓ નવજીવન પામે છે. જેમ પાનખર થી સુકાયેલા વૃક્ષની ડાળી પર નવપલ્લીત થતી નાનકડી કુંપળ ફૂટે છે અને સમયાંતરે લીલાં પાન અને પછી ડાળી બનીને આખરે વૃક્ષની વિકસિત અવસ્થા પ્રાપ્ત કરે છે. માનવ મનમાં આકાર લેતી હકારાત્મક કલ્પનાઓ જ તેના તન વડે કરવામાં આવતી સર્જનાત્મક પ્રવૃત્તિઓના મૂળમાં રહેલી છે. જેનાથી માનવી પોતાની સુંદર સવારની દિનચર્યાની શરૂઆત કરી દે . આખી રાતના આરામ પછી આપણા તનમનની નિસ્તેજાવસ્થા ઉષાના આગમનથી વિલિન થઈ જાય છે. વળી પ્રવૃત્તિશીલ થવા થનગનતા તનમનથી નવીન સવાર આપણા જીવનમાં અનોખી અમૂલ્ય અને અદભુત કાર્યશક્તિ નો સંચાર કરે છે. તેથી તેનું મહત્વ સમજીને માનવજીવનની બાલ્યાવસ્થા થશે તેને સરખાવી શકાય છે.

સવાર એ એક નવા દિવસની શરૂઆતનો કુમળો પવિત્ર અને મંગલમય સમય હોવાથી તેનું સ્વરૂપ ઋતુ, શાંત અને નાવિન્યથી ભરપૂર હોય છે. જેમ નાનું બાળક પ્રભુનું સ્વરૂપ ગણાય છે, તેમ વહેલી સવાર-ઉષા નો સમય ખૂબ જ મંગળકારી, નિર્મળ, નિર્દોષ અને નવચેતન આપનારો હોય છે.એવા સમયે રૂમઝૂમ કરતી ઉષારાણી અવનિ ઉપર અવતરણ કરે છે. તેના ઉજાશથી આકાશમાં મેઘ ધનુષી રંગોથી રચાતી રંગોળી સૃષ્ટિને વૈવિધ્યસભર, રમણીય,ભાતીગળ અને સાંસ્કૃતિક સ્વરૂપ પ્રદાન કરે છે. સવારના સમયથી સૃષ્ટિના તમામ સજીવો પોતપોતાના જીવનના લાલન પાલન માટેની પ્રવૃત્તિમાં પ્રયોજાઈ જાય છે.રાત્રિના આરામદાયક જીવનનો સવારે અંત આવતાં ગતિશીલ બનીને દરેક સજીવે પ્રભુએ મૂકેલી મતિ પ્રમાણે ક્રિયાશીલ રહેવું પડે છે.જીવન એ એક સિક્કાની બે બાજુઓ સમાન હોવાથી તેની બંને બાજુઓ પ્રવૃત્તિ અને નિવૃત્તિ વારાફરતી બદલાતી રહે છે.

ઉષાના સમયે સૂર્યનારાયણનું આકાશે આગમન થતા તેનું દર્શન સૃષ્ટિને પાવન બનાવી પ્રવૃત્તિશીલ બનાવે છે. આ સમયે કુમળા કિરણોની સાથે સૃષ્ટિને નવજીવન મળવા માંડે છે આયુર્વેદમાં પણ સૂર્યના કુમળા કિરણોથી વિટામિનની ભેટ મળે છે જેનાથી માનવજીવનને ઉત્તમ આરોગ્ય પ્રદાન થાય છે. જે ખોરાક આપણા જીવનની પુષ્ટિ કરે છે તે તંદુરસ્ત જીવન પ્રદાન કરે છે. વહેલી સવારે યોગી પુરુષો પવિત્ર માણસો અને પ્રભુના ભક્તો પ્રભુ ભજનમાં વ્યસ્ત રહે છે. તદુપરાંત તેઓ કાયમ સવારથી જ વ્યસ્ત થઈને નોકરી, ધંધો કે વ્યવસાય કરતા હોય છે તે આખા કુટુંબની જવાબદારી ઉઠાવવામાં સવારથી પુરુષોને પણ મદદ કરે છે તેમજ તેમની અદભુત અનોખી અને સરકારમય ભાવનાની મૂર્તિમંત કરે છે. .આમ રાત પછીની સવારે સૃષ્ટિ સૂર્યોદયથી જ પ્રવૃત્તિશીલ બનીને સદાય પ્રગતિશીલ બનતી જાય છે.

અસ્તુ........!
લેખક:"પ્રપાશી" પરેશ મ પાઠક

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 140**
વિષય: સવાર પછી સાંજ
શીર્ષક: સાંજ સુધરી ગઈ
પ્રકાર: ગદ્ય ..શબ્દો: ૨૬૫

સવારે મોડું ઉઠાયું.ઘડીયાળમાં જોયું તો સાડા સાત થઈ ગયા હતા.
સીમા બ્રશ કરી તરત ચ્હા બનાવવા દોડી.બહાર ડ્રોઈંગ રૂમમાં મયંક પેપર વાંચતો હતો. "મને ઉઠાડાય નહીં?" કહી સીમા નહાવા ગઈ. મયંકે બુમ પાડી "ચ્હા તો પી લે".
સ્નાનાદિ પરવારી ડ્રોઈંગ રૂમમાંથી પોતાની ઠંડી થઈ ગયેલી ચ્હાનો કપ લઈને સીધી કીચનમાં જઈને રસોઈ બનાવવા માંડી.એને મયંકના ટીફીનની ફીકર હતી.
"કેમ ઉઠાયું નહીં?" એમ જાતને ભાંડતી રહી.
ટીફીન તૈયાર કરી બહાર આવી તો મયંક તૈયાર થવા ગયો હતો.

કપડાં વૉશિન્ગ મશીનમાં નાંખી, મંદિરમાં દીવો કર્યો. મયંકે બૂમ પાડી "સીમા ઓ સીમા"
એ બહાર આવી તો મયંકની ગાડી ગેટ બહાર, એણે હસતાં હસતાં હાથ હલાવ્યો.

"આજે મોડું થઈ ગયું
તો મયંકને જતાં જતાં હગ કરવાનુંય રહી ગયું".પાછી વળી તો ડ્રોઈંગ રૂમમાં ટેબલ પર મયંકનું ટીફીન જોયું..
"અરે ભૂલી ગયો!" ફોન કર્યો તો કવરેજ બહાર આવે.
એમ કરતાં બપોર થઈ.ખાવાનુ પણ યાદ ના આવ્યું.બેચેની ભરી બપોર વીતી. સાંજ પડી.સંધ્યાટાણુ થયું. મંદિરમાં દીવો કરી મયંકની રાહ જોતી ઝાંપે ઉભી રહી.

મયંક આવ્યો અને ગાડીમાંથી ઉતર્યો એવી સીમા એને ભેટી રડી પડી."અરે , શું થયું સ્વીટ હાર્ટ ?"
"બસ આજે મારી સવાર મોડી પડી તો બધું અસ્તવ્યસ્ત થઈ ગયું.ટીફીન લીધા વિના જતો રહ્યો?કેટલા ફોન કર્યા પણ ઉપાડ્યા નહીં"
મયંક કહે "જતી વખતે તને બૂમ પાડી પણ તું દીવો કરતી હતી એટલે ડીસ્ટર્બ કર્યા વગર નીકળી ગયો. આજે મીટીંગ હતી એટલે ફોન સ્વીચ ઑફ કરેલો.અને મીટીંગ પછી લન્ચ હતું એટલે ટીફીન? નથી લઈ જતો એ પણ તને કહેવું હતું. ઓહ.. તને બહુ દુખી કરી"એમ કહી એના વાંસે હાથ મૂક્યો.સીમાની આંખમાંથી આંસુ સરી પડ્યાં એણે મયંકનો હાથ પકડીને કહ્યું "વહાલા સવાર મોડી પડી પણ સાંજ સુધરી ગઈને!"

હેમા ત્રિવેદી ..કૃષ્ણ પ્રિયા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG.ss No. 213**
વિષય :- 'સવાર પછી સાંજ,-સાંજ પછી રાત'
પ્રકાર :- પદ્ય (ગઝલ)
શીર્ષક :- ''આ સવાર સાંજના સમયે'' (શબ્દો :- ૨૨૮)

લીલામાંથી પીળુ થવું, પીપળ પાન ખરે છે સમયે,
ઘણાંએ માળા બાંધ્યા, ને બંધાય ને છુંટે છે સમયે.

વનારાઈમાં થતી વાતું, એ ખર્યુ તો ભલે ને ખર્યુ,
આપણે પલકમાં બાંધીને, ક્યાં રાખશુ આ સમયે ?

અમારે રહેઠાણના સાંધા, મુસાફિર મનમાં મલકે,
બહુ રાતવાસો કરી લીધો, હવે કોણ રોકે આ સમયે !

રોકે રોકાશે નહીં, અવધિની ઉપરવટ કેમ થવું ?
સમાજને બતાવવા, બે આંસુ સારી લેશે સમયે.

કબરનો રસ્તો દૂર નો'તો, તોયે ચારને સાથે લીધા,
કાશ એ માર્ગ સમજાય જાય, માનવને આ સમયે.

ઘણા સંતોએ સમજાવ્યા, કેટલા સમજ્યા છે આપણે ?
'સ્વજન'નું મૌન હાસ્ય, અને મૌન રુદન છે સમયે.

રચનાકાર :- કવિ શ્રી યોગેશભાઈ પંડયા 'સ્વજન' જૂનાગઢ.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No.201**
વિષય :રાત પછી સવાર
શિર્ષક : સમજાય વાતો
પ્રકાર: પદ્ય શબ્દ: ૬૬

આમ જ પડે નહીં સવાર વીતી રાત વગર.
અંધકાર પણ હટે નહીં પરોઢે પ્રભાત વગર.

પરિભ્રમણ સૂર્ય-ચંદ્રનું અવિરત ચાલ્યા કરે,
જિંદગી જીવાય નહીં કોઈ શરૂઆત વગર,

ટોળું ઈચ્છાઓનું સળવળતું જ રહે ભીતર,
આમ જ બેસી રહેવાય નહીં મહેનત વગર.

આવે અટપટા કોયડાઓ જિંદગીની રાહમાં,
ઉકેલ પણ આવે નહીં કોઈ પ્રયત્ન વગર.

દઢ નિશ્ચયી બની "ઈશાની"લક્ષ નિર્ધાર કર.
સફળતા એમ ના મળે સખત મહેનત વગર.

?? પૂર્વી સુનીલ પટેલ."ઈશાની
આભાર - નિહારીકા રવિયા "

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO. 215**
વિષય : " રાત પછી એક સવાર "
શીર્ષક : " દૂર થશે અંધકાર "
પ્રકાર : પદ્ય, શબ્દો : ૮૭.
નામ : શ્યામ ગોયાણી 'શ્યામ'
શિવેન્દ્રનગર (હાલ સુરત)

માનવ દેહ પામીને, બીજું ના વિચાર,
ઉગે તે આથમે, રાત પછી એક સવાર,

લખેલું નસીબનું, કોઈ છીનવી ના શકે,
વિધાતા લેખ સૌના, કર્મો પ્રમાણે લખે,

ઈશ્વર રાખતો નથી, કદી કોઈનું ઉધાર,
ઉગે તે આથમે, રાત પછી એક સવાર.
સુખ, દુ:ખનું ચક્કર, કાયમ ચાલતું રહે,
કાયમ કદી સુખમાં કોઈ ના મ્હાલતું રહે,

સોનેરી કિરણો ફૂટશે, ચીરીને અંધકાર,
ઉગે તે આથમે, રાત પછી એક સવાર.

સવાર પછી સાંજ ને સાંજ પછી રાત,
ચક્ર ફર્યા કરશે 'શ્યામ' રાખજો નિરાંત,

જીવન દીધું જેણે ના છોડશે મજધાર,
ઉગે તે આથમે, રાત પછી એક સવાર.

" શ્યામ ગોયાણી "( શિવેન્દ્રનગર )

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 219**
વિષય:- સવાર પછી સાંજ
શીર્ષક:- જીવનની ગતિ
પ્રકાર :- પદ્ય - ઊર્મિકાવ્ય
શબ્દ:- ૧૦૯

સવારની સોનેરી કિરણો જાગે છે,
સિક્કાની એક બાજુ જેમ ચમકે છે.
જીવનની શરૂઆતની આશા સાથે,
નવી ઊર્જા, નવી ઉમંગ સાથે જાગે છે.

સાંજ પડે ને આકાશ રંગીન થાય છે,
સિક્કાની બીજી બાજુ જેમ દમકે છે.
દિવસના શોરબકોરની શાંતિ સાથે,
ચિંતનની અને આરામની વેળા આવે છે.

સવાર સાથે જીવનની શરૂઆત થાય છે,
સાંજ સાથે દિવસનો અંત આવે છે.
બંને સમય જીવનની સાચી કથા કહે છે,
સિક્કાની બે બાજુ જેમ જીવન ચાલે છે.

સવારની સોનેરી શરૂઆત સાથે,
જીવનની નવી કથા રચાય છે.
સાંજની લાલિમા સાથે સાથે,
દિવસની સુંદર સમાપ્તિ થાય છે.

સવાર જાણે જીવનનું ઉદય છે,
સાંજ જાણે જીવનનું અસ્ત છે.
બંને સમય સિક્કાની બાજુ જેવા,
જીવનની સતત ગતિને દર્શાવે છે.

- નયના જે. સોલંકી..આંખો

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO : 181**
વિષય : " સવાર પછી સાંજ ,સાંજ પછી રાત , રાત પછી એક સવાર"
શીર્ષક : સવારની સાંજ પછી રાતની પડે સવાર ..."છેક ત્યાં સુધી "
પ્રકાર : પદ્ય - શબ્દો ૮૯

ઉગતી સવાર પછી સાંજ આથમે ત્યાં સુધી,
સાંજટાંણેથી તિમિર આથમે રાતમાં ત્યાં સુધી..
વિતે છે રાત ચાદરની સળ પડે ત્યાં સુધી,
તારા સપનાનો સાથ,બસ સુરજ ઉગે ત્યાં સુધી...

ભલે તારું વ્હાલ જતાવે તું રાતભર,
એક ઝાંકળની છાંટ વહી જાય ત્યાં સુધી
પણ મને તો જોઈએ છે એવી પ્રીત જીવનભર,
હું તો માંગુ છું તારો સંગાથ,જન્મ જન્માંતર રહે ત્યાં સુધી ...

કૌસુમી ??કહે માત્ર વાત નહીં કર જન્મોની,
નિભાવજે વાયદા અંત આવે ત્યાં સુધી,
કોઈ આધાર તો આપ જીવનના ધ્યેયને
મારે લઈ જવું છે એને મરે ત્યાં સુધી ...
??સુરમી બધેકા "??કૌસુમી - મુંબઈ

# સિગારેટના શોખીનો મફતના ભાવે સિગારેટ પીવા પાકિસ્તાન પહોંચો!

'ગિરધરભાઇ ,તમારી પાસે પાસપોર્ટ છે?' રાજુએ મને પૂછયું. રાજુએ પઠાણી પહેર્યું હતું. આંખમાં આંજણ આંજેલું . માથે ગોળ ટોપી. પગમાં પઠાણી જુતા.રાજુ રદી પાકના પૂર્વ પ્રધાનમંત્રી જેવો લાગતો હતો. સલીમ ચિકનાની ઈસ્ટાઇલથી સિગારેટ ફૂંકી રહ્યો હતો. ( સંવૈધાનિક ચેતવણી : ધૂમ્રપાન સ્વાસ્થ્ય માટે હાનિકારક છે.જો કે, સિગારેટ દારૂની જેમ પીવાની હોતી નથી. છતાં સિગારેટ ફૂંકવાને ધૂમ્રપાન કંઇ મૂડી પર કહેતા હશે એ સવાલ નિરુત્તર )રાજુ સાહેબની જેમ વેશ બદલવામાં માહિર છે. કદાચ સાહેબને પરાસ્ત કરે પણ ખરો .

'રાજુ, આ શું વેશ કાઢ્યો છે?' મેં પૂછયું
'ગિરધરભાઇ. આપણે પાકિસ્તાન જવાનું છે.'રાજુએ માહિતી આપી.

' વ્હોટ ?વ્હોટ હેલ આર યુ ટોકિંગ ?મને મરવાની કે જેલમાં જવાની ઈચ્છા નથી. કેપ્ટન અભિમન્યુની દશા પરથી તો કાંઇક તો બોધ લે . તારા લગ્ન માટે રોરવ નર્કમાં જવા તૈયાર છું. પરંતુ, પાકિસ્તાનમાં પગ નહીં મુકું.'મેં મારી ગિરધર પ્રતિજ્ઞા જાહેર કરી.( મેં ગિરધર પ્રતિજ્ઞાની પેટન્ટ કરાવી છે. મારી પ્રતિજ્ઞા આઇએસઓ- ૯૦૦૧ છે.)
' ગિરધરભાઇ.મારા માટે છોકરી જોવા પેશાવર કે રાવલપિંડી જવાનું નથી.બદહાલીનું બીજું નામ પાકિસ્તાન છે. પાકિસ્તાન ઉકાળતો ચરૂ છે. પાકિસ્તાન બોઇલીંગ પોટ છે. જયાં કબ કા સાથ સબ કા વિકાસને બદલે સબ કા વિનાશ છે. આઝાદીના પંચોતેર વરસમાં હાર્ડલી પંદર વરસ લોકશાહી સરકાર રહી છે. એક પણ વડાપ્રધાને પાંચ વરસની મુદત પૂરી કરી નથી. ભારત સાથે આરપારની લડાઈમાં ખોખરું થવા છતાં ભારત સાથે હજાર વરસ યુધ્ધ કરવાની વેલિંગ( સારી ડિંગ ) હાંકે છે. કોઇનું મરણ હોય કે શાદી, બેગાને કી શાદીમેં અબ્દુલા દિવાનાની જેમ ગમે તે ઈન્ટરનેશનલ ફોરમ પર ગધેડાની જેમ હું ગાઇશની ટયુન પર કાશ્મીર રાગ બેસૂરા રાગે આલાપે છે.'રાજુએ પાકિસ્તાન પારાયણ માંડી.
' રાજુ. પાકિસ્તાને પોતે પોતાની ઘોર ખોદી છે. આતંકવાદના ભસ્માસુરને સતત લોહી પીવડાવી મોટો કર્યો તો ભસ્માસુર પાકિસ્તાનને ભરખી ગયો. તાલીબાન નામની બિલ્લી પાકિસ્તાનને મિંયાઉ કરે છે. તાલીબાન પાક સૈનિકોને માખી મચ્છરની જેમ મારે છે. લશ્કરના હાકેમો જીવ સટોસટની લડાઇ સિવાયના રિયલ એસ્ટેટ, મોલ, ઉધ્યોગ, કંપની,જમીન, ડ્રગ્ઝ, ફિરોતી,માનવતસ્કરી જેવા ધંધામાંથી અબજો-ખર્વો કમાય છે. પાક પ્રધાનમંત્રી લશ્કર, આઇએસઆઇની મંજૂરી લીધા પછી પાણીનો ઘૂંટડો માંડ માંડ પી શકતા નથી. પાકનો વડાપ્રધાન પોતાના દેશની સુપ્રિમ કોર્ટના નિર્ણયનો વિરોધ કરવા ધરણા પર બેસે છે. ઉપવાસ તો સદભાવ ફેલાવના માટે એ પણ ઓફિસ ટાઇમમાં કરવાનો હોય.અને દરેક જિલ્લાને મોટી રકમની ગ્રાંટની લ્હાણી કરવાની જાહેરાતો કરવાની હોય.( રકમ મળી કે નહીં તેવું કોણ નાદાન પૂછે છે? શટ અપ યોર માઉથ. ટુકડે ટુકડે ગેંગ . પાણીમાંથી પોરા કાઢો એ તો સમજાય .પણ, ગ્રાંટમાથી પણ પોરા કાઢવાના !!!)''હું બરાબર ગિન્નાયેલ હતો!!
'' ગિરધરભાઇ. પાકિસ્તાનનમાં ચીજવસ્તુના ભાવો હુતાશનની જેમ ભડકે બળે છે. બલૂચિસ્તાનમાં છેલ્લા બે અઠવાડિયામાં લોટનું સંકટ ઘેરાયું છે. તેના કારણે રાજધાની ક્વેટામાં ૨૦ કિલો લોટની કિંમત ૨૮૦૦ પાકિસ્તાની રૂપિયા થઈ ગઈ છે. જ્યારે રાજ્યના અન્ય વિસ્તારોમાં તો આ કિંમત ૩૨૦૦ રૂપિયાના રેકર્ડ સ્તરે પહોંચી ગઈ છે.
લોકો હસતા પણ નથી કેમ કે, હસવા જેવી સ્થિતિ નથી. લોકો લોટ ફાંકતા નથી. કેમ કે રોટલી બનાવવા લોટ નથી તો ફાંકવા માટે લોટ કયાંથી કાઢે?? મફત લોટ વિતરણમાં ધક્કામુક્કી ,પડાપડી, લૂંટાલૂંટ મચી છે. રામ કે રહીમના નામની લૂંટ મંચે તો રૂહાત્માનું કલ્યાણ થાય!! અહીં લોટ લેવા જનારને લોટને બદલે નવી નકોર કબર મળી છે!!દરેક વસ્તુના ભાવો વધ્યા છે. વિદેશી હૂંડિયામણ તળિયાઝાટક છે. એક મંત્રી હૂંડિયામણ બચાવવા દિવસમાં બે-ત્રણ ચાના કપ ઓછા પીવા કહે છે. પાકિસ્તાનમાં જ્યાં એક લિટર દૂધની કિંમત ૨૫૦ પાકિસ્તાની રૂપિયા પર પહોંચી ગઈ છે, ત્યાં ઈસ્લામાબાદમાં લોકોના મુખ્ય ખાદ્ય પદાર્થ ચિકનની કિંમત ૭૮૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી ગઈ છે. જો કે, પાકિસ્તાનના સંરક્ષણ મંત્રીએ કબૂલાત કરી હતી કે, તેમનો દેશ હવે એક રીતે 'નાદાર' થઈ ગયો છે. પાકિસ્તાનીઓની થાળીમાંથી એક પછી એક વસ્તુ ગાયબ થઇ રહી છે. છેલ્લે માત્ર વાયરો બચશે. જે ખાઇને પેટ ભરવું પડશે!!! એક ડોલરના ૨૮૫ પાકિસ્તાની રૂપિયા થઇ ગયા છે. ચલણદરમાં પાતાળ ગિરાવટ દર્જ થઇ છે!! તો પણ સુશાસનને બદલે ઈમરાનખાનની કબર ખોદવા બેઠા છે. મુલ્ક ભડકે બળે છે!! ત્યારે શાસકો નીરોની જેમ ફીડલને બદલે એકે ફોર્ટી સેવન વગાડે છે.પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફે તેના મંત્રીઓ અને સલાહકારને કહ્યું છે કે, તે પોતાની સેલેરી લેવાનું બંધ કરે અને લક્ઝરી કાર અને એશ આરામ છોડીને સામાન્ય જિંદગી જીવે. પાકિસ્તાનનું માનવું છે કે, આવું કરવાથી વર્ષે ૨૦૦ બિલિયન પાકિસ્તાની રૂપિયા બચાવી શકાય છે.''રાજુએ હૈયા વરાળ કાઢી!!
'' રાજુ. પાકિસ્તાન નર્કગામી થઈ રહ્યું હોય. કાર્બન સ્ટીલ અથવા સ્ટીલ એલોયથી બનેલા ખાલી સિલિન્ડરની કિંમત ૧૦,૦૦૦ પાકિસ્તાની રૂપિયા છે. જેના કારણે નાના દુકાનદારો, ગરીબ પરિવારો અને અન્ય લોકો તેને ખરીદી શકતા નથી. તેથી તેઓએ બીજી પદ્ધતિ અપનાવી છે. જે લોકો દસ હજાર રૂપિયા ખર્ચી શકતા નથી તેવા લોકો અને જેમને ગેસ કનેકશન મળેલ નથી તેવા લોકો ૫૦૦થી ૯૦૦ રૂપિયાનો ખર્ચ કરી પ્લાસ્ટિકની થેલીમાં ગેસ મેળવે છે. જે જગતની મૌલિક અને અભિનવ શોધ છે. આમ પણ, જરૂરિયાત એ શોધનું જનની કહેવાય છે! યુરોપ, અમેરિકા કે કોઇ વિકસિત દેશને આવી મૌલિક શોધ કરવાનું સૂઝ્યું નહીં. પાકિસ્તાન તેની નવી શોધ માટે નોબલ કે તેનાથી મોટો એવોર્ડ, રીવોર્ડ ઈનામ, અકરામ આપવો જોઇએ!'' મેં કહ્યું!!
'' ગિરધરભાઇ. પાક દેવામાં ગર્ક થઇ રહ્યું છે.પરંતુ વાદળો વચ્ચે રૂપેરી કિનારી છે.મતલબ કે સિલ્વર લાઇન ઇન કલાઉડઝ છે. અલ્લાહ નવાણું નુખ્શ-ખામી આપે તો એકાદી ખૂબી બખૂબી પણ એનાયત કરે છે. આ કંઇ ખૂબી છે??'' મે રાજુને પૂછયું!!
'' ગિરધરભાઇ . જગતના સિગારેટના શૌખીન નવાબો માટે ગુડ ન્યુઝ છે. તમારા દેશમાં સિગારેટ પર એન્ટી ટોબેકો ટેકસ, લકઝરી ટેકસ , ઉપ કર, જકાત , એકસાઇઝ લગાવી હશે. દિવસે દિવસે રાજકુમારીની જેમ સિગારેટના ભાર વધે છે. સિગારેટ પિનારા સિગારેટ ડાઉન કે સિગારેટ માર્ચ ( કેન્ડલ માર્ચ જેવું તૂત ) કાઢતા નથી. વર્ક ટુ રૂલની જેમ સ્મોક ટુ રૂલ પણ કરતા નથી! સિગારેટના શોખીન માટે પાકિસ્તાન જન્નત છે. સૌથી સસ્તી સિગરેટ પાકિસ્તાનમાં છે. ઓસ્ટ્રેલિયામાં ૨૦ માર્લબોરો સિગરેટના પેકેટની કિંમત ૨,૧૬૬.૮૦ રૂપિયા છે. પાકિસ્તાનમાં તેની કિંમત માત્ર ૮૦ રૂપિયા છે. એટલે કે પાકિસ્તાનમાં ૮૦ રૂપિયામાં ૨૦ સિગરેટ મળી જાય છે.આ રીતે એક માર્લબોરો સિગરેટની કિંમત ૪ રૂપિયા છે. ભારતની વાત કરીએ, તો માર્લબોરો સિગરેટની કિંમત લગભગ ૩૪૦ રૂપિયા સુધી છે. આ રીતે એક સિગરેટ લગભગ ૧૭ રૂપિયાની હોય છે.આમ, પાકમા જીવ હથેળીમાં લઇ જીવવાનું છે. હપતે હપતે મરવા માટે સિગારેટ શું ખોટી?? માત્ર ચાર રૂપિયામાં બીજું શું આવે? અડધો કપ તો સમજ્યા પણ પા કપ ચા પણ મળે નહીં. તો પછી ચાર રૂપિયામાં સિગારેટનું રસપાન કરવામાં હરકત સરખું નથી !!'' રાજુ રદીએ મને લલચામણી ઓફર આપી!! અમે પણ મનોમન કલ્પનોડયન તરી પાકિસ્તાનમાં પહોંચી જઇ બ્રિટનના અભૂતપૂર્વ ભૂતપૂર્વ સાહિત્યિક વડાપ્રધાન વિન્સટન ચર્ચિલની ચેઇન સ્મોકિંગ( પ્રુફ રીડર ભાઇ જોડણી બરાબર કરજો. ચેઇન સ્મોકિગને બદલે ચેઇન સ્નેચિંગ લખશો તો લોચા લાપશી થઇ જશે!!) કરવા લાગ્યા!!!
ભરત વૈષ્ણવ

